દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રન્ટ પેજ-૦૨. તા. ૨૩.૦૧.૨૦૨૫

**કોલ્ડ પ્લે :** 25 અને 26 જાન્યુઆરીએ કોન્સર્ટમાં સુરક્ષા માટે 14 ડીસીપી, 25 એસીપી સહિત 4 હજારથી વધુ પોલીસ કર્મચારી તહેનાત રહેશે

# કોન્સર્ટ માટે 2 વાગ્યાથી પ્રવેશ, 14 સ્થળે પેડ પાર્કિંગ, દર 7 મિનિટે મેટ્રો મળશે, પહેલી વાર ખાનગી ઈવેન્ટમાં NSG

બે દિવસની ઈવેન્ટ માટે બે લાખથી વધુ લોકો આવશે

## બપોરે 12.30થી જનપથ ટી-મોટેરા સુધીનો તથા કૃપા રેસિડેન્સીથી મોટેરા સુધીનો રોડ બંધ

### પોતાનું વાહન લઈને આવતા હોય તો કઈ રીતે પહોંચવું?

25 અને 26 જાન્યુઆરીના દિવસે બપોરના 12.30 વાગ્યાથી જનપથ ટી થી મોટેરા સ્ટેડિયમ મુખ્ય ગેટ થઈ કૃપા રેસીડેન્સી ટી થઈ મોટેરા ટી સુધીનો આવતો- જતો માર્ગ વાહન વ્યવહારોની અવર જવર માટે બંધ કરવામાં આવશે. જ્યાં સુધી કોન્સર્ટ પૂરો ના થાય ત્યાં સુધી આ રસ્તો વાહનોની અવર જવર માટે પ્રતિબંધ રહેશે. જેથી વાહન ચાલકોએ વૈકલ્પિક રૂટ તપોવન સર્કલથી ઓએનજીસી ચાર રસ્તાથી વિસત ટીથી જનપથ ટી થઈ પાવર હાઉસ થઈ પ્રબોધરાવળ સર્કલ સુધીના માર્ગનો ઉપયોગ કરી શકાશે. કૃપા રેસિડેન્સી થઈ શરણ સ્ટેટસ ચાર રસ્તા થઈ ભાટ કોટેશ્વર રોડ થઈ એપોલો સર્કલ તરફ અવર જવર કરી શકાશે.

### પાર્કિંગની વ્યવસ્થા કેવી રીતની રહેશે

સ્ટેડિયમથી 2.5 કિલોમીટર સુધીમાં કુલ 14 પ્રાઈવેટ પાર્કિંગ ઊભા કરાયા છે. જે મોબાઈલ એપ્લિકેશનની મદદથી વાહન પાર્ક કરી શકશે. આ 14 પાર્કિંગ પ્લોટ પૈકી સ્ટેડિયમની અંદર બે પાર્કિંગ પ્લોટ વીઆઈપી તથા વીવીઆઈપી માટે રખાયા છે. જ્યારે બાકીના 12 પેક્ષકો માટે રખાયા છે. 14 પ્લોટમાં 16 હજાર વાહનની કેપેસિટી.

### સ્ટેડિમ પહોંચવા મેટ્રો સૌથી સારો વિકલ્પ

શહેરના કોઈ પણ મેટ્રો સ્ટેશનેથી મેટેરા મેટ્રો સુધી પહોંચી શકે છે. જેથી બહારથી આવતા લોકો માટે મેટ્રો ઉત્તમ વિકલ્પ રહેશે. મોટેરા મેટ્રો સ્ટેશન સ્ટેડિયમના ગેટ નંબર 1 થી 300 મિટર દૂર છે. જેથી મેટ્રોમાં આવતા લોકો મોટેરા મેટ્રે સ્ટેશન ઉતરીને ભીડના કારણે 300 મિટર 10 મિનિટમાં ચાલીને ગેટ સુધી પહોંચી શકશે. મેટ્રોની ટિકીટ અમદાવાદ મેટ્રોની એપ્લિકેશન પરથી ઓનલાઈન પણ બુક કરાવી શકાય છે. દર 7 મિનિટે મેટ્રો મળશે. ગુરુવારે મેટ્રો પ્લાન જાહેર કરશે.

